| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

**રાજકોટના મહે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૪૯/૨૦૨૬**

**આંક–6**

**નાગરાજભાઈ ભાભલુભાઈ ચાવડા,**
ઉ.વ.–૨૫, ધંધો–ખેતી,
રહે. ગામ આંકડીયા, તા.વિંછીયા,
જી.રાજકોટ.
હાલ– સબ જેલ, ગોંડલ.

**..... અરજદાર**

**–// વિરૂદ્ધ //–**

**૧. શ્રી સરકાર**

**૨. શ્રી યોગેશભાઈ રાજેશભાઈ વેગડ.**
**રહે. મોઢુકા, તા.વિંછીયા, જી.રાજકોટ.**

**..... સામાવાળા**

**બાબત: બી.એન.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એમ.પટગીર**
**સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ.એચ.જોષી**

---

**– ચુ કા દો –**

(૧) આ કામના અરજદાર/આરોપીની રાજકોટ ગ્રામ્યના વિંછીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૮૨૬૦૨૪૬/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૦૮(૫), ૫૪ તેમજ ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ– કલમ ૫, ૪૦, ૪૨ મુજબના

ગુનાના કામે અટક કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય તેથી અરજદાર/આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ રેગ્યુલર જામીન મેળવવા માટે આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ જામીન અરજીની નોટીસ સામાવાળા સરકારશ્રી વતી ડી.જી.પી.શ્રીને બજતા એ.પી.પી.શ્રી એ.એચ.જોષી હાજર થયેલા છે અને આંક-૫ થી ત.ક.અધિકારીનું સોગંદનામુ રજુ રાખેલ છે.

(૩) ત્યારબાદ અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

(૪) અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલો નથી નિર્દોષ છે તેમ છતાં આ ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. બનાવ સ્થળે અરજદારની હાજરી નથી. આ કામે હાલના અરજદાર પાસે હવે કોઈ રીકવરી કે ડિસ્કવરી બાકી નથી. આ કામે સમગ્ર ફરિયાદ અને કેસનું રેકર્ડ વંચાણે લેતા મુખ્ય આરોપી મંગળુભાઈ આપાભાઈ કારપડાને નામ. કોર્ટ દ્વારા ફો.પ.અરજી નં. ૧૫૯૩/૨૦૨૬ થી તેમજ યોગીરાજભાઈ પ્રતાપભાઈ ચાવડાને ફો.પ.અરજી નં. ૧૬૨૭/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. અરજદારે કોઈ ગુનો કરેલો નથી. વધુમાં અરજદાર ઘણાં લાંબા સમયથી જ્યુડીશીયલ કસ્ટડીમાં કેદમાં છે. આ ગુનાના કામે હવે વધુ કોઈ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત નથી. તપાસના કામે આરોપીની જરૂર નથી. અરજદાર/આરોપી વિરૂદ્ધ હાલના ગુના ઉપરાંત અન્ય એક ગુનો નોંધાયેલ છે પરંતુ અરજદાર તે ગુનાના કામે જામીન મુક્ત છે. તે સિવાય અરજદારનો કોઈ ગુનાહીત ભુતકાળ નથી. આરોપી સામે આક્ષેપવામાં આવેલા ગુનાના કોઈ તત્વો ફલીત થતા નથી. અરજદાર/આરોપી વિરૂદ્ધનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. આરોપીને જો લાંબો સમય સુધી તેઓને જેલમાં રાખવામાં આવે તો તેનુ કુટુંબ ભુખમરાની સ્થિતિમાં મુકાય જાય તેમ છે અને બીફોર ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, તેથી જામીન એ

નિયમ અને જેલ એ અપવાદનો સિધ્ધાંત ધ્યાને રાખીને અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદાર પાલન કરશે. અરજદાર  રાજકોટના રહેવાસી છે અને કુટુંબ પરિવાર ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. તપાસ પૂર્ણ થતા, ચાર્જશીટ થતા અને કેસનો ગુણ–દોષ પર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારોને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર વિરુધ્ધ સમાજ વિરોધી ગંભીર ગુનાનો આક્ષેપ છે. ફરિયાદ હકીકત મુજબ આ કામના આરોપીએ ફરિયાદીને રૂ૰ ૫૦,૦૦૦/– દર મહીને ૧૦ ટકાના  વ્યાજે આપેલ. ફરિયાદીએ રૂ૰ ૪૦,૦૦૦/– આપી દીધેલ હોય અને હજુ ફરિયાદી પાસે રૂ૰ ૬૦,૦૦૦/– માંગતા હોય અને ફરિયાદી પાસે વ્યાજના રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી, ફરિયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને આ કામના અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. આરોપીનું એફ.આઈ.આર.માં પ્રથમથીજ નામ છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી ગુનાહીત ભુતકાળ ધરાવે છે તેમજ આ ગુનાના કામે હાલમાં તપાસ ચાલુ છે અને મહત્વના તબક્કા ઉપર પેન્ડીંગ છે, તેવા સંજોગોમાં અરજદાર/આરોપી જામીન મુકત કરવામાં આવશે તો ફરિયાદી, સાહેદોને નુકશાન પહોંચાડે, ડરાવી ધમકી તોડવા ફોડવા પ્રયત્ન કરશે કે ફરીથી આ પ્રકારનો ગુનો કરશે  કે નાસી ભાગી જશે અને ટ્રાયલ વખતે સહેલાઈથી હાજર રહેશે નહી, તેવી શક્યતા રહેલી છે, તેથી કેસ ચાલવામાં પણ વિલંબ થશે તે સંજોગોમાં તેમજ ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લઈ વિ.એ.પી.પી.શ્રીએ આ જામીન અરજી રદ કરવા આ કોર્ટને વિનંતી કરેલ છે.

(૬) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆત, અરજીમાં જણાવેલ હકીકતો તથા તપાસના કાગળો વંચાણે લીધા અને તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ વંચાણે તેમજ ધ્યાને લીધુ. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં જણાઈ આવે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને રૂ૦ રૂ૦ ૫૦,૦૦૦/– દર મહીને ૧૦ ટકાના વ્યાજે આપેલ. ફરિયાદીએ રૂ૦ ૪૦,૦૦૦/– આપી દીધેલ હોય અને હજુ ફરિયાદી પાસે રૂ૦ ૬૦,૦૦૦/– માંગતા હોય અને ફરિયાદી પાસે વ્યાજના રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી, ફરિયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને આ કામના અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલાનો આક્ષેપ છે. પોલીસ સોગંદનામા મુજબ અરજદાર/આરોપી વિરૂદ્ધ હાલના ગુના ઉપરાંત અન્ય ૨૦ ગુના નોંધાયેલા છે પરંતુ અરજદાર/આરોપીને તે ગુનામાં સજા થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ ગુનાના અન્ય આરોપી મંગળુભાઈ આપાભાઈ કારપડાને કોર્ટ દ્વારા ફો.પ.અરજી નં. ૧૫૯૩/૨૦૨૬ થી તેમજ યોગીરાજભાઈ પ્રતાપભાઈ ચાવડાને ફો.પ.અરજી નં. ૧૬૨૭/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપવાનું ન્યાયોચિત જણાય છે. વધુમાં અરજદાર/આરોપી વિરૂદ્ધનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ છે. અરજદાર ઘણાં સમયથી ન્યાયિક કસ્ટડીમાં છે. હાલના તબક્કે અરજદાર પાસેથી કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી હોવાનું જણાઈ આવતુ નથી અને મોટા ભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે તેથી વધુ કસ્ટડીની આવશ્યકતા રહેતી નથી તેમજ અરજદાર/આરોપી રાજકોટના જિલ્લાના કાયમી રહીશ હોય, કુટુંબ પરિવાર ધરાવતા હોય ક્યાંય નાસી ભાગી જવાની શક્યતા જણાઈ આવતી નથી. વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો જામીન મુકત કરતી વખતે કોર્ટ જે કાંઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અરજદાર પાલન કરવાની ખાત્રી આપતા હોય, ટ્રાયલ વખતે આરોપીની હાજરી સુરક્ષિત કરવાનો છે તેમજ જામીન મંજુર કરવા એ નિયમ છે અને જેલમાં મોકલવા તે અપવાદ છે તેમજ જામીનનો ઈન્કાર કરવામાં આવે તો તે આર્ટીકલ ૨૧ હેઠળ સ્વાતંત્ર્ય અંગેનો જે મૂળભૂત અધિકાર આપેલ તેના ઉપર અંકુશ મુકવા બરાબર છે, અચોકકસ સમય

સુધી કસ્ટડીમાં રાખવા તે આર્ટીકલ ૨૧ ના ભંગ સમાન ગણાય.

ઉપરોકત સંજોગો અને હકીકતો તથા અરજીની વિગતો, આરોપી વિરુધ્ધનો આક્ષેપ, આરોપીનો રોલ, આક્ષેપિત ગુન્હામાં સજાની જોગવાઈ તથા જામીન સંદર્ભે નામ. ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય, અરજદારની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન માટેની ક્રો.પ.અરજી નં. **૧૭૪૯/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **નાગરાજભાઈ ભાભલુભાઈ ચાવડા,** ઉ.વ.-૨૫, રહે. ગામ આંકડીયા, તા.વિંછીયા, જી.રાજકોટ વાળાને રાજકોટ ગ્રામ્યના વિંછીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૮૨૬૦૨૪૬/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ.ની કલમ-૩૫૨, ૩૫૧(૩), ૩૦૮(૫), ૫૪ તેમજ ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ- કલમ ૫, ૪૦, ૪૨ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂ૦ ૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન તેમજ તેટલીજ રકમનો જાતમુચરકો સંબંધિત નીચેની કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન અરજદાર/આરોપીને ક્રિમીનલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

**/૧/** અરજદાર/આરોપીએ હવે પછી કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**/૨/** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરવો નહીં કે ધાક ધમકી આપવી નહીં કે સાહેદોને તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

**/૩/** અરજદાર/આરોપીએ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

**/૪/** અરજદાર/આરોપીએ દિવસ–૭ માં પાસપોર્ટ નીચેની કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

**/૫/** અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ લોકલ તથા કાયમી સરનામુ તથા ધંધાનુ લોકલ તથા કાયમી સરનામુ, મોબાઈલ નંબર, આધાર કાર્ડની નકલ, ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે નીચેની કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવું અને સંબંધિત ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર અરજદારે પોતાના રહેણાંકના સરનામામાં તથા મોબાઈલ નંબરમાં ફેરફાર કરવો નહી.

**/૬/** અરજદાર/આરોપીએ તેમની વિરૂદ્ધના ગુનામાં ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાંસુધી દર માસે એક વખત સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૯.૦૦ થી ૧૪–૦૦ દરમિયાન હાજરી પુરાવવી.

**/૭/** અરજદાર આરોપીએ ટ્રાયલ કોર્ટમાં દર મુદ્દતે હાજર રહેવું.

ઉપરોક્ત કોઈપણ શરતોનો ભંગ થયેથી અરજદાર/આરોપીઓના જામીન ઓટોમેટીક રદ થયેલા ગણાશે અને નીચેની કોર્ટ આરોપીઓ વિરુદ્ધ પકડ વોરન્ટ ઈસ્યુ કરી શકશે.

જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની યાદી સંબંધિત કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ, આજ તારીખ **૦૮મી**, માંહે–**જુન**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા. ૦૮/૦૬/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)